ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદી જણાવે છે કે ધોરણ-૧૦(**SSC**) સંસ્કૃત પ્રથમા અને ધોરણ-૧૨(**HSC**) વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહ, ઉ.ઉ.બિનયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, સંસ્કૃત મધ્યમાના અનુત્તીર્ણ અને પરીક્ષામાં બેસવાની પાત્રતા ધરાવતાં ઉમેદવારોની જુલાઇ (પુરક) - ૨૦૨૨ની પરીક્ષા તા.૧૮/૦૭/૨૦૨૨ થી તા.૨૨/૦૭/૨૦૨૨ દરમ્યાન લેવાનાર છે, આ પરીક્ષાનો કાર્યક્રમ બોર્ડની વેબસાઇટ **www.gseb.org** ઉપર મુકવામાં આવેલ છે, જેની વાલીઓએ, વિદ્યાર્થીએ તથા શાળાના આચાર્યશ્રીઓએ નોંધ લેવી.

(ડૉ. અવનીબા મોરી)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તા – ૨૧/૦૬/૨૦૨૨
સ્થળ - ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા પૂરક – 2022

ધોરણ-10 એસ.એસ.સી. અને સંસ્કૃત પ્રથમાના ઉમેદવારોની પૂરક પરીક્ષા જુલાઈ-2022 નો કાર્યક્રમ

ધોરણ-10 એસ.એસ.સી. : [માર્ચ-2022 માં એક/બે વિષયમાં N.I. (અનુત્તીર્ણ) થયેલ ઉમેદવારો માટે જ]

તારીખ	સમય 10:00 થી 13:15 વિષય અને વિષય કોડ નંબર	તારીખ	સમય 15:00 થી 18:15 વિષય અને વિષય કોડ નંબર
18-07-2022 સોમવાર	બેઝિક ગણિત (18)	18-07-2022 સોમવાર	ગુજરાતી (પ્રથમ ભાષા) (01) તથા અન્ય પ્રથમ ભાષા (02 થી 09)
19-07-2022 મંગળવાર	સ્ટાન્ડર્ડ ગણિત (12)	19-07-2022 મંગળવાર	ગુજરાતી S.L (13)
20-07-2022 બુધવાર	સામાજિક વિજ્ઞાન (10)	20-07-2022 બુધવાર	અંગ્રેજી S.L. (16)
21-07-2022 ગુરુવાર	વિજ્ઞાન (11)	21-07-2022 ગુરુવાર	ધોરણ - 12 સામાન્ય પ્રવાહનું સેશન
22-07-2022 શુક્રવાર	દ્વિતીય ભાષા / વોકેશનલ - 14, 15, 17, 19, 20, 21, 41, 42, 43, 44, 49, 50, 76, 78, 80		

સંસ્કૃત પ્રથમા:[માર્ચ-2022 માં એક/બે વિષયમાં N.I. (અનુત્તીર્ણ) થયેલ ઉમેદવારો માટે જ]

તારીખ	સમય 10:00 થી 13:15 વિષય અને વિષય કોડ નંબર	તારીખ	સમય 15:00 થી 18:15 વિષય અને વિષય કોડ નંબર
18-07-2022 સોમવાર	ગણિત (504)	18-07-2022 સોમવાર	સામાજિક વિજ્ઞાનમ (503)
19-07-2022 મંગળવાર	વિજ્ઞાન (505)	19-07-2022 મંગળવાર	સાહિત્યમ (502)
20-07-2022 બુધવાર	વ્યાકરણમ (501)	20-07-2022 બુધવાર	અંગ્રેજી (દ્વિતીય ભાષા) (506)
21-07-2022 ગુરુવાર	પૌરોહિતમ (થીયરી) (507) *	21-07-2022 ગુરુવાર	ધોરણ - 12 સામાન્ય પ્રવાહનું સેશન
	કોમ્પ્યુટર થીયરી (508) *		
	સ્વા. અને શારીરિક શિક્ષણ થીયરી (509) *		

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા

વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહ, ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ,
સંસ્કૃત મધ્યમાના ઉમેદવારોની પૂરક પરીક્ષા જુલાઈ-2022 નો કાર્યક્રમ

1. વિજ્ઞાન પ્રવાહ પૂરક પરીક્ષા : [માર્ચ-2022 માં એક/બે વિષયમાં N.I. (અનુત્તીર્ણ) થયેલ ઉમેદવારો માટે જ]

તારીખ/વાર	સમય	વિષય	
18/07/2022 સોમવાર	10:30 થી 2:00	ગણિત	(050)
	3:00 થી 6:30	જીવવિજ્ઞાન	(056)
19/07/2022 મંગળવાર	10:30 થી 2:00	રસાયણ વિજ્ઞાન	(052)
	3:00 થી 6:30	અંગ્રેજી (પ્રથમ ભાષા)	(006)
		અંગ્રેજી (દ્વિતીય ભાષા)	(013)
20/07/2022 બુધવાર	10:30 થી 2:00	ગુજરાતી (પ્રથમ ભાષા) (001) હિન્દી (પ્રથમ ભાષા) (002) મરાઠી (પ્રથમ ભાષા) (003) ઉર્દૂ (પ્રથમ ભાષા) (004) સિંધી (પ્રથમ ભાષા) (005) તામિલ (પ્રથમ ભાષા) (007)	ગુજરાતી (દ્વીતીય ભાષા) (008) હિન્દી (દ્વીતીય ભાષા) (009) સંસ્કૃત (129) ફારસી (130) અરબી (131) પ્રાકૃત (132)
	10:30 થી 12:45	કમ્પ્યુટર એજ્યુકેશન (સૈદ્ધાંતિક)	(331)
	3:00 થી 6:30	ભૌતિકવિજ્ઞાન	(054)

2. સામાન્ય પ્રવાહ, ઉ.ઉ.બુ. પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહ પૂરક પરીક્ષા : [માર્ચ-2022 માં ફક્ત એક વિષયમાં N.I. (અનુત્તીર્ણ) થયેલ ઉમેદવારો માટે જ]

21/07/2022 ગુરુવાર	3:00 થી 6:15	-સામાન્ય પ્રવાહ -ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી પ્રવાહ -વ્યવસાયલક્ષી પ્રવાહ -સંસ્કૃત મધ્યમા	તમામ વિષયો
	3:00 થી 5:15	કમ્પ્યુટર એજ્યુકેશન (સૈદ્ધાંતિક)	(331)

-: સામાન્ય પ્રવાહના પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ :-

1. કમ્પ્યુટર એજ્યુકેશન (૩૩૨) વિષયની પ્રાયોગિક પરીક્ષા સંબંધિત શાળાઓ દ્વારા લેવાની રહેશે. જેનાં ગુણ શાળાએ બોર્ડને તા.૧૪/૦૭/૨૦૨૨ સુધીમાં રૂબરૂમાં મોકલવાનાં રહેશે.
2. પરીક્ષાર્થીઓએ પોતે જે માધ્યમમાં ઉત્તરો લખવાનાં છે તે ભાષાના કોડ નંબર તેમજ લીધેલાં વિષયોનાં કોડ નંબર તથા તે વિષયોની પરીક્ષાની તારીખ, વાર, સમય બાબતે પોતાની શાળામાંથી સંપૂર્ણ માર્ગદર્શન મેળવી લેવું.
3. પરીક્ષાના દિવસે પરીક્ષાર્થીઓએ પરીક્ષા શરૂ થવાના ૩૦ મિનિટ અગાઉ પરીક્ષા સ્થળે અચૂક પહોંચી જવું.
4. પ્રશ્નપત્રને લગતું કોઈપણ સાહિત્ય, પુસ્તક, ગાઈડ, ચાર્ટ, મોબાઈલ ફોન તેમજ ડિઝીટલ ઘડીયાળ જેવાં ઈલેક્ટ્રોનિક સાધનો વગેરે પરીક્ષા સ્થળ અને પરીક્ષા ખંડમાં લઈ જવાની મનાઈ છે. પરંતુ સાદું કેલક્યુલેટર સાથે લઈ જવાની છૂટ રહેશે. તેમ છતાં પરીક્ષાર્થી પાસે પરીક્ષા શરૂ થયા બાદ નિરીક્ષણ દરમિયાન કોઈપણ સાહિત્ય મળશે, તો તેમની સામે ગેરરીતિનો કેસ નોંધવામાં આવશે અને શિક્ષાને પાત્ર જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. પરીક્ષા ખંડમાં પ્રવેશિકા સિવાય કોઈપણ પ્રકારનું હાથે લખેલું કે છાપેલું સાહિત્ય પરીક્ષાર્થી પાસેથી મળશે તો ગેરરીતિનો કિસ્સો નોંધવા માટે પુરાવા માનવામાં આવશે. તેની ખાસ નોંધ લેવી.
5. સામાન્ય પ્રવાહના સંગીત પ્રાયોગિક (૧૪૭) વિષયની પ્રાયોગિક પરીક્ષા શાળાઓ દ્વારા લેવાની રહેશે અને તેના ગુણ બોર્ડની સૂચના અનુસાર બોર્ડને તા.૧૪/૦૭/૨૦૨૨ સુધીમાં રૂબરૂમાં મોકલી આપવાનાં રહેશે.
6. વ્યવસાયલક્ષી પ્રવાહના કૃષિ, કોમર્સ, ગૃહવિજ્ઞાન અને તાંત્રિક જૂથના પ્રાયોગિક પરીક્ષાના વિષયોની પ્રાયોગિક તથા ઉત્તર બુનિયાદી પ્રવાહના પ્રાયોગિક પરીક્ષાના વિષયોની પરીક્ષા સંબંધિત શાળાઓ દ્વારા લેવામાં આવશે. આવી શાળાઓ પોતાની શાળાના પરીક્ષાર્થીઓને પૂરતા સમય અગાઉ કાર્યક્રમની જાણ કરવાની રહેશે.
7. તમામ પ્રવાહોના કમ્પ્યુટર પરિચય વિષયની પ્રાયોગિક પરીક્ષા સંબંધિત શાળા દ્વારા લેવામાં આવશે. શાળાઓએ તેની જાણ વિદ્યાર્થીને કરવાની રહેશે.

-: વિજ્ઞાન પ્રવાહના પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ :-

8. ઉ.મા.પ્ર. પરીક્ષા વિજ્ઞાનપ્રવાહ માર્ચ-૨૦૨૨ માં એક/બે વિષયમાં **N.I.** (અનઉત્તિર્ણ) થયેલ ઉમેદવારોની પરીક્ષા બે સેશનમાં લેવાશે.
9. કમ્પ્યુટર એજ્યુકેશન (સૈદ્ધાંતિક) ની પરીક્ષા ફક્ત OMR ઉત્તરપત્રિકાથી લેવામાં આવશે. જેનો સમય 10:30 થી 12:45 નો રહેશે.
10. પ્રથમ ભાગમાં પ્રશ્નપત્રનો **PART-A** કે જેમાં બહુવિકલ્પ પ્રકારનાં (**OMR** પદ્ધતિ) ૫૦ પ્રશ્નો હશે અને તેમાં કુલ ગુણ ૫૦ તથા તેનો સમયગાળો ૬૦ મિનિટનો રહેશે.
11. બીજા ભાગમાં પ્રશ્નપત્રનો **PART-B** રહેશે. જેમાં વર્ણનાત્મક પ્રકારનાં પ્રશ્નો રહેશે. તેમાં કુલ ગુણ ૫૦ તથા તેનો સમયગાળો ૧૨૦ મિનિટનો રહેશે.

Ameri..

નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર